




# એક પેઢીએ શિક્ષણને સ્વીકાર્યું

## જેનાથી આગળની પેઢીનું જીવન બદલાયું

આપણી આસપાસ

★ મિત્તલ પટેલ

બેન, વરસાદ ઘણો પડ્યો. મારા છાપરામાં પાણી ભરાઈ ગયું. અઠવાડિયા સુધી કામ મળે એવું લાગતું નથી. ઉઘાડ નીકળે તો કામ માટે જઈએ ને? હાલ તો ઘરમાં ખાવાનું ખૂટ્યું. થોડું રાશન મળી જાય તો સારું... અને તાડપત્રી માટે પણ કંઈ મદદ થઈ શકે તો...'

અમદાવાદના વિરમગામ પાસેના ભોજવા ગામમાં રહેતા મુસાભાઈએ ફોન પર આ વાત કરી. આમ તો ચોમાસું શરૂ થાય અને જે વિસ્તારમાં વરસાદ વધારે વરસે ત્યાંથી આ પ્રકારના ફોન આવવાના શરૂ થઈ જાય. વરસોથી વિચરતા અને વંચિત પરિવારો સાથે કામ કરતાં આવા અસંખ્ય ફોન આજે સુધી સાંભળ્યા છે. એમની પીડા સાચી, જરૂરિયાત પણ સાચી; છતાં એક પ્રશ્ન હવે મનમાં ઊઠવા માંડ્યો. એ પ્રશ્ન મેં મુસાભાઈને પૂછ્યો.

'મુસાભાઈ, આપણો પરિચય કેટલાં વર્ષ જૂનો?'

'બેન, અઢાર વર્ષ તો થઈ ગયાં.'

મેં ફરી પૂછ્યું, 'અઢાર વર્ષ પહેલાં જ્યારે પહેલી વાર આપણે મળ્યાં ત્યારે મેં સૌથી પહેલાં કઈ વાત કરી હતી, યાદ છે તમને?'

થોડું વિચારીને એમણે કહ્યું, 'છોકરાંઓને ભણાવવા માટેનું તમે કીધેલું.'

'પછી બાળકોને ભણવા મૂક્યાં?'

મારી વાત સાંભળીને મુસાભાઈ ચૂપ થઈ ગયા. થોડીવાર પછી એમણે કહ્યું, 'ના બેન...'

'અઢાર વર્ષ પહેલાં જે બાળકો નાના હતાં, આજે એ શું કરે છે?'

'છૂટક મજૂરી.'

'એ બધાનાં લગ્ન થઈ ગયાં અને એમનાં બાળકો આજે નિશાળે જાય એટલાં થયાં હશે. તો એ બાળકો શાળાએ જાય છે?'

'ના.'

એ પછી મેં એમને ૨૦૧૧-૧૨થી શરૂ કરેલા છાત્રાલયની વાત કરી. ત્યાં અત્યાર સુધી અનેક બાળકોને ભણવાની તક મળી. એમાંના ચારસો જેટલા બાળકો બારમું પાસ કરીને સ્નાતક થયા. એમાંના કોઈ સરકારી નોકરીમાં જોડાયા, કોઈ ખાનગી ક્ષેત્રમાં સ્થિર થયા, તો કોઈએ પોતાનો નાનો ધંધો શરૂ કર્યો. આજે ભારે વરસાદ પડ્યો, પણ અમારા ત્યાંથી ભણીને ગયેલા એક પણ બાળકના માતા-પિતાએ અમને 'બેન, છાપરામાં પાણી ભરાઈ ગયું... રાશન આપો... ઘર માટે મદદ કરો.' એવો ફોન નથી કર્યો. એમની હાલત અઢાર વર્ષ પહેલાં તમારા જેવી જ હતી, પણ એક પેઢીએ શિક્ષણને સ્વીકાર્યું, જેના કારણે એમની આગળની પેઢીનું જીવન બદલાઈ ગયું. બાળકોએ પોતાનું જીવન બદલ્યું. આપણે જેટલી વાર મળીએ એટલી વાર હું બાળકોના ભણતરની વાત તમારી આગળ કરું, પણ તમે...

મારી વાત સાંભળીને મુસાભાઈ લાંબા સમય સુધી મૌન રહ્યા. પછી ધીમેથી બોલ્યા, 'હવે તમારી વાત સમજાય છે. મારા છોકરાં તો મોટા થઈ ગયા, પણ એ એમનાં છોકરાંઓને ભણાવે એ માટે પૂરો પ્રયત્ન કરીશ.'

આવી જ વાત રાહુલ સાથે થઈ. એ સરાણિયા સમાજનો તરવરિયો યુવાન છે અને પોતાના સમાજની ઘણી ચિંતા કરે છે. એણે વિરમગામમાં રહેતા સરાણિયા પરિવારોનાં છાપરાંમાં પાણી ભરાતાં એમને મદદ કરવા કહ્યું. મેં એને પણ મુસાભાઈ સાથે થયેલી વાત કરી. એ વાત એને સમજાઈ અને એણે તરત પોતાના સમાજના વોટ્સએપ ગ્રુપમાં પોતાની કથની લખી.

**રાશન થોડા દિવસ ટકશે, તાડપત્રી એકાદ મોસમ બચાવશે, કપડાં થોડાં મહિના ચાલશે, પણ ભણતર આખી પેઢીને ટેકો આપશે**

વર્ષો પહેલાં રાહુલના પિતાએ એને છાત્રાલયમાં ભણવા મૂક્યો હતો, પણ એના ગયા પછી એની મમ્મીએ ધમપછાડા કર્યા. 'દિકરાને પાછો લઈ આવો, નહીં તો ખાઈશ નહીં...' વગેરે. આખરે એના પિતા કંટાળીને રાહુલને છાત્રાલયમાંથી પરત લઈ આવ્યા.

રાહુલે ગ્રુપમાં લખ્યું કે, 'મારે ભણવું હતું. મને છાત્રાલયમાં ફાવતું હતું, પણ મારી માના કારણે હું ભણી ન શક્યો અને આજે આવી લાચારી વેઠું છું. આપણા મા-બાપ ન સમજ્યા, પણ આપણે યુવાનો તો બાળકોના ભણતર માટે હવે વિચારીએ.'

રાહુલે ગ્રુપમાં લખેલી વાતનો સ્ક્રીનશૉટ પાડી મને મોકલ્યો. વાંચીને રાજી થવાયું. વર્ષોથી જે પરિવારોની વચ્ચે કામ કરીએ છીએ, એમાંના કેટલાક આ વાતને સમજ્યા, એટલે એમના બાળકો આજે ભણતા થયા છે. પણ બધા મા-બાપ આ સમજ્યા નથી. આવા નાસમજ લોકો અમારી આ વાતને કેટલી સ્વીકારશે એનો ખ્યાલ નથી, પણ એક ચિંતન શરૂ થાય એ માટે પણ આ વાત કરવાનું અમે શરૂ કર્યું.

ગરીબી અત્યંત કઠોર વાસ્તવિકતા છે. ત્યારે ભૂખ્યા માણસને ભણતરની વાત કરવી ક્યારેક અસંવેદનશીલ લાગે. વરસાદમાં ભીંજાતા પરિવારોને શિક્ષણનું મહત્વ સમજાવવું સહેલું કામ નથી. પણ વર્ષોના અનુભવ પછી શિક્ષણ વગર હવે નહીં ચાલે, એ વાત વધુ ને વધુ સ્પષ્ટ બનતી દેખાય છે.

રાશન થોડા દિવસ ટકશે, તાડપત્રી એકાદ મોસમ બચાવશે, કપડાં થોડાં મહિના ચાલશે, પણ ભણતર આખી પેઢીને ટેકો આપશે. એટલે જ અમે શિક્ષણ પર વધારે ભાર આપીએ છીએ. શિક્ષણ જીવન બદલવાની સોનેરી ચાવી છે. તે ગરીબીના વારસાને તોડવાની સૌથી અસરકારક શક્તિ છે અને દરેક વ્યક્તિને સ્વાભિમાનથી જીવવાનો માર્ગ બતાવે છે.

પચાસ-સાઠ વર્ષ પહેલાં અત્યંત વંચિત સ્થિતિમાં જીવતા કોઈ પરિવારમાંથી એક વ્યક્તિ ભણી ગયો અને એના લીધે આખા પરિવારનું જીવન બદલાઈ ગયું હોવાના અનેક દાખલા આપણે સાંભળ્યા છે. કાચા ઘરથી પાકા ઘર સુધી, મજૂરીથી નોકરી સુધી અને અસુરક્ષાથી આત્મવિશ્વાસ સુધીનો પ્રવાસ શિક્ષણથી સંભવ બન્યો છે. આ બધા દાખલાઓ જોતા હવે દરેક બાળક શાળાએ પહોંચે અને ભણે તે માટે ગાઢ પ્રયત્નો કરવા જરૂરી છે.

સરકારે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને મફત આપવાનું શરૂ કર્યું. શાળા પ્રવેશ અભિયાન દર વર્ષે આયોજિત કરીને હજારો બાળકોને શાળા સુધી લાવવામાં આવ્યા. દીકરીઓ વધુ ભણે તે માટે વિશેષ યોજનાઓ પણ બનાવવામાં આવી. શિષ્યવૃત્તિઓ, છાત્રાલયો, સાયકલ સહાય જેવી અનેક વ્યવસ્થાઓ ઊભી થઈ. છતાં દેશનું કે રાજ્યનું દરેક બાળક શાળાના દરવાજા સુધી પહોંચી ગયું છે એવું આપણે છાતી ઠોકીને કહી શકતા નથી. પાછાં જે પહોંચે છે, એમને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળતું હોય એવું પણ હંમેશાં બનતું નથી. વળી ભણ્યા પછી રોજગારનો સવાલ તો છે જ; એ માટે પણ અલગથી મથવું પડે. પણ ભણતર તો આ બધામાં મોખરે છે.

ઘણી વખત લોકો મને પૂછે છે, 'સમાજસેવા એટલે શું?'

મારા મનમાં જવાબ બહુ સ્પષ્ટ છે. અનાજનું વિતરણ કરવું, કપડાં આપવાં, ચંપલ વહેંચવાં – આ બધું જરૂરી છે. આવી સહાયથી કોઈની તાત્કાલિક મુશ્કેલી હળવી બને છે; એનું મૂલ્ય ઓછું ન આંકી શકાય. પરંતુ સાચી સમાજસેવા એ છે કે માણસને વારંવાર મદદ માગવાની ફરજ ન પડે એ પ્રકારનાં કાર્યો કરવાં. મારા મતે શિક્ષણ અને આર્થિક સશક્તિકરણ વિના આ કાર્ય અશક્ય છે.

આપણે ત્યાં એક જૂની કહેવત છે, 'વિદ્યા એવું ધન, જેને ન ચોર ચોરી શકે, ન રાજા છીનવી શકે, ન ભાઈ ભાગ પાડી શકે.'

એટલે શિક્ષણની જ્યોત દરેક વંચિતના ઘરે પ્રજ્વલિત થાય એ માટે મથીએ.